# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨૭ • તા. ૧૫ ડિસેમ્બર થી ૨૧ ડિસેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


# ચતુર્થ સંમેલનના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો






























Shree Samast KDO Jain Mahajan    www.kdosamastamahajan.org


**વેદિયો, વેવલો અને વેઠિયો**
**એક વ્યક્તિમાં ભેગા થાય**
**ત્યારે એક શેઠિયો બને,**
**વેદિયો એટલે સ્કોલર,**
**વેવલો એટલે સપનાંઓ - ઈચ્છાઓ**
**ધરાવતો માણસ અને**
**વેઠિયો એટલે રાત-દિવસ જોયા વગર**
**આકરી મહેનત કરી શકે તે.**

**- હરિભાઈ કોઠારી**




**નીશિથ આનંદ દંડ**

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

-: કાર્યાલય :-


પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
Tel. 9769991922
9833406124

જ્ઞાતિમૈયા હવે નેટ પર....
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સંમેલનની તૈયારી અંતિમ ભવ્ય ચરણમાં પહોંચી

વર્ષો વિતયા પછી આજે આ ઘડી આવી પહોંચી છે. જ્યાં સમસ્ત મહાજનની હાકલથી, આવ્હાનથી અને ભાવભર્યા નોંતરાથી નલિયા મહાજનના યજમાન પદે સૌ જ્ઞાતિજનો ભેગા થશે. શ્રેષ્ઠીઓ, વડીલો, જ્ઞાતિ મોભીઓ સાથો સાથ વ્યાપારીઓ, યુવા વર્ગ અને મહિલાઓ પણ હશે.

ત્રણ દિવસ વિવિધ રીતે સૌ માટે પદ્ધતિસરનું અને વ્યવસ્થિત ભર્યું આયોજન કરાયું છે. ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં પ્રથમવાર યુવાવર્ગ માટે યુવા ફીસ્ટ અને મહિલાઓ માટે નારીશક્તિનું આયોજન કરાયું છે. આનાથી આપણને જાણ થાય છે કે યુવા અને મહિલાઓની કેટલી મહતા છે. શું આગયત્યા છે. સૌનો સાથ મળવાથી, સામેલ થવાથી સંમેલન સર્વાંગી સફળતાને વરશે એ વાત નિ:શંક છે. સંમેલનના ભવ્ય આયોજનથી નવી નવી પ્રતિભાઓ ઉભરી બહાર આવશે. તેમના કાર્ય કુશળતાનો લાભ જ્ઞાતિને બહોળા પ્રમાણમાં મળશે. એ વિશેષ પ્રસંગ બની રહેશે.

જ્ઞાતિ સંમેલનની તૈયારીઓ વિવિધ રીતે સંપન્ન થઈ. શરૂઆતે વિવિધ ગામ નગરમાં સ્થાનિક મહાજનોને સાથે રાખી વિવિધ મહાજનોને આમંત્રણ પત્રો અપાયા. પેમ્પલેટ વહેંચણી કરાઈ. કચ્છના વિવિધ ગામ નગરોમાં રૂબરૂ તથા બેનર લગાવી પ્રચાર કરાયો. વૉટ્સએપ, ફેસબુક, યુ ટ્યુબ જેવા આજના અગત્યના માધ્યમો દ્વારા નલિયા જો તેડો, આયો રે જ્ઞાતિ સંમેલનનો ઓડિયો, વિડીયો જીંગલ દ્વારા પ્રચાર ચરમસીમા શિખરે પહોંચયો. ફોન પત્ર તો સતત થતા હતા. મહાજનની વિવિધ સમિતિઓ મિટીંગ કરી સંમેલનની કાર્યવાહીને આખરી ઓપ આપતી ગઈ. પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરાતી હતી. સ્થાનિક નલિયામાં શેઠશ્રી ભવાનજી ખીમજી અરજણ નગરનું નિર્માણ આધુનિક તંત્ર વિજ્ઞાનના સુમેળથી રાતદિવસ સતત કામ કરી. જહેમત પૂર્વક કરાયું છે.

હવે માત્ર રાહ જોવાય છે. જ્ઞાતિજનોના આવવાની, સૌ સજ્જ છે મોવડીઓને આવકારવા, નાનાથી મોટા સૌ કોઈને, વ્યાપારી, શ્રેષ્ઠી યુવા અને મહિલા પ્રતિનિધિઓન હુભ્ભથી સત્કારવા તત્પર છે. યજમાન મહાજનના સૌ કોઈ ઉત્સુક છે ઘર આંગણે પધારનારની સરભરા કરવા. તો હવે મળીએ આપણે સૌ નલિયા નગરે.

જય જ્ઞાતિમૈયા

# નલિયા ખાતે સંમેલનની તડામાર તૈયારીઓ





શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન આયોજિત શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન નલિયાના યજમાન પદે શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા તા.અબડાસા, કચ્છ મધ્યે યોજાનારા ચતુર્થ સંમેલનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેમાં ૩ ભવ્ય ડોમ, વિશાળ કાર પાર્કીંગ, અત્યાધુનિક સુવિધા સજ્જ શમિયાણો હશે.

રજીસ્ટ્રેશન શરૂ છે. ત્વરા કરો તમારી નોંધણી કરાવો પછી હાજર ન રહ્યાનો અફસોસ થશે.





# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના

ટૂંક સમયમાં સંમેલન કચ્છ મુકામે થવા જઈ રહ્યું છે. જેના માટે પણ અંતઃ તૃતીય સંમેલન ખૂબ જવાબદાર છે. કારણકે તૃતીય સંમેલનના સમાપન પ્રસંગે આગામી સંમેલન કચ્છમાં ભરવું એવી ભાવના સાથે સર્વે જ્ઞાતિજનો છુટા પડ્યા હતા. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાના જન્મ સ્થાન નલિયાએ આ બીડુ ઝડપતાં આપણને નલિયા મુકામે એકત્ર થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે.



તૃતીય જ્ઞાતિ સંમેલન ૧૯૯૧ને આજે ૨૭ વર્ષના વહાણા વાઈ ચુક્યા છે. એક આખી પેઢી બદલાવાના આરે આવીને ઊભી રહી ગઈ છે. આ અગાઉ જ્ઞાતિએ આઠ-આઠ, દસ-દસ વર્ષના લગાતાર દુષ્કાળો પણ જોયા છે. અને દેશ દેશાવર તથા મુંબઈના મહાજનો અગ્રેસર થઈ પોતાનું સહભાગ પાઠવ્યો છે. આપણા જ્ઞાતિજનો હસ્તકના તથા આપણી પાંજરાપોળોમાં ઢોરોની સંખ્યા ઘણીજ ઘટી ગઈ છે, અને તેને સુચારૂ રીતે ચલાવવા આપણી જ્ઞાતિની સંસ્થાઓનું કચ્છમાં વહીવટ કરનારા ખૂબજ સક્ષમ છે. તથા તેમને મજબૂત રીતે સહાયભૂત થવા આપણે સંમલનમાં યથાર્થ રીતે નક્કી કરશું માટે સંમેલન થવું અત્યંત જરૂરી છે.

સંમેલન એક એવું મંચ છે, જ્યાં જ્ઞાતિજનો પોતાની રીતે પોતાની વાતો રજૂ કરી શકે તેના માટે યથાર્થ દલીલો કરી શકે અને તે વાતને પરિપૂર્ણ રીતે જ્ઞાતિના ઉપયોગમાં જોડી શકે. આવા વાતાવરણની અંદર જ્ઞાતિના નવોદિતોને પોતાની વાતો રજૂ કરવા માટેનું મહત્વનું પ્લેટફોર્મ એટલે સંમેલન છે એટલે સંમેલન ભરવું, સંમેલન ભરવા માટે સહયોગ કરવો તથા સંમેલનમાં હાજર રહેવું એ દરેક જ્ઞાતિજનોની પવિત્ર ફરજ છે.

આ સંમેલનમાં ઉપસ્થિત રહીને થનારા સંમેલન બાબત જ્ઞાતિ ઉપયોગી સુઝાવો મુકીને આ સંમેલનના કાર્યો માટે પોતાથી થાય એટલો શ્રમ કરીને શારીરીક યોગદાન આપીને એનો પ્રચાર કરીને પણ આપણે અનુમોદના કરી શકીએ છીએ. આ અનુમોદનાથી આપણું આવશ્ય શુભકર્મ બંધાય છે.

સંમેલનમાં પહોંચવા માટે અનેક વ્યવસ્થાઓ સંમેલનના યજમાન મહાજનના શ્રેષ્ઠીઓ કરી રહ્યાં છે. બાકી પોતાના સ્થાનથી કચ્છ સુધી પહોંચવા માટે સર્વે પોતાના પ્રયત્નો કરવાના છે. તો સંમેલનમાં પહોંચવાનું પહેલા મન બનાવો અને પ્રયત્ન કરો.

આશા છે આ વાતને ગહનતાથી સ્વીકારી આપ સર્વે સંમેલનમાં પધારવાની પોતાની પ્રતિબધ્ધતા નક્કી કરો અને પ્રત્યેક મહાજનોને વિનંતી સંમેલનમાં આવવા ઈચ્છતા તમામ જ્ઞાતિજનોને યથાર્થ પ્રતિનિધિ કે નિરીક્ષક તરીકે મોકલવા મદદરૂપ થશે.

હવે આપણે અગાઉના સંમેલનો ઉપર એક વિશાળ દ્રષ્ટિ નાંખીયે આપણી જ્ઞાતિનું પ્રથમ સંમેલન આઝાદી પ્રાપ્તિના બે મહિનામાં જ મુંબઈમાં યોજાયું. જેનું પ્રમુખ સ્થાન મૂળ ગામ તેરા નિવાસી શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજીએ લોકલાગણીને માન આપીને સંભાળ્યું. આઝાદીનો સાંપ્રત કાળ હતો, હજી ભારત પોતાના અસ્તિત્વની પાપા પગલી માંડી રહ્યો હતો. એ તંગ કાળમાં શેઠશ્રી કોંગ્રેસ તથા શાસનના કાર્યોમાં ખૂબજ વ્યસ્ત હતા એટલે જ્ઞાતિ મોવડીઓએ તેમને જે રીતે દોર્યા એ રીતે દોરાયા હતા.

આ રીતે પ્રથમ સંમેલનમાં કુલ ૨૭ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા જે વિગતવાર જેના રજૂકર્તા તથા તેને ટેકો આપનારના નામ સહિત જ્ઞાતિમૈયા અંક ૧૯ તા.૨૦ ઓક્ટોબરથી ૨૬ ઓક્ટોબરના અંકમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ રીતે એ ઠરાવોના અન્વયે પ્રથમ સંમેલનની ફળશ્રુતિ રૂપે મધ્યસ્થ મહાજન અસ્તિત્વમાં આવ્યું તથા કાર્યરત થયું. ઈ.સ.૧૯૫૦માં ભારતનું બંધારણ ઘડાઈને તૈયાર થયું જેના પર પંડિત જવાહરલાલ નહેરૂ, ડૉ.ભીમરાવ આંબેડકર જેવા મહાનુભાવોની સાથે શેઠશ્રીના પણ હસ્તાક્ષર છે. તે વાત જ્ઞાતિ માટે ખૂબજ ગૌરવ અપાવનારી છે. ત્યારપછી યોજાયેલ સંસદની પ્રથમ ચૂંટણીમાં શેઠશ્રી કચ્છની બેઠક ઉપરથી સાંસદ ચૂંટાયા. કચ્છની સીટ ઉપરથી શેઠશ્રી લાગલગાટ બે ટર્મ સુધી એટલે કે દશ વર્ષ સુધી સંસદમાં પોતાની સેવા આપી. એક તરફ શેઠશ્રીની વ્યસ્તતા રાષ્ટ્રીય નેતા તરીકે વધતી ચાલી. તે સાથે સાથે શેઠશ્રીનું ધ્યાન મધ્યસ્થ મહાજનના રોજબરોજના કાર્ય પરથી ઓછું થતું ગયું. શેઠશ્રીની જ્ઞાતિ માટે કાંઈને કાંઈ કરી છૂટવાની અદમ્ય ઈચ્છા હતી પણ જ્ઞાતિના તે સમયના મોવડીઓ શેઠશ્રીના કદમથી કદમ તાલ મિલાવી શક્યા નહિ અને ધીમેધીમે પાછળ રહેતા ગયા. પ્રથમ સંમેલનમાં અસ્તિત્વમાં આવેલ મધ્યસ્થ મહાજન પોતાના કાર્યભારનો મધ્યાન્હ જોયા વગર જ ક્યારે અસ્તાચળે પહોંચી ગયો એની જ્ઞાતિને ખબર સુધા પડી નહિ.

વધુ અભ્યાસસાર્થે મુંબઈ તરફ વિદ્યાવાચ્છુંકોનો પ્રવાહ કચ્છ તથા દેશદેશાવરથી વધતો ચાલ્યો. તેમને સમાવવા માટે આપણી પાસે ૫૦ વર્ષ જૂની શેઠશ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન પાઠશાળા તથા ૪૦ વર્ષ જૂની શેઠશ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ સક્ષમ હતા. બોર્ડિંગમાં અન્ય ક્ષેત્રથી આવતા વિદ્યાર્થીઓ રહી શકતા, ત્યાં તેમના રહેવા,

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના (પમા પાનેથી ચાલુ)

ખાવાપીવાની ઉચિત વ્યવસ્થાઓ હતી તથા પાઠશાળામાં ધોરણ ૮ થી એસ.એસ.સી. સુધી તેમને વિદ્યાભ્યાસ પ્રાપ્ત થતો હતો. તે રીતે પ્રથમ સંમેલનમાં રચાયેલ શિક્ષણ પ્રસારક સમિતિ પણ હવે પાપા પગલી ભરી રહી હતી. શ્રીમાન શીવજીભાઈ કુંવરજી વિકમશીના અધ્યક્ષપદે ૧૯૫૩માં શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘની સ્થાપના થઈ.

વિદ્યાર્થીસંઘની કાર્યવાહી આગળ વધતા જ્ઞાતિ અગ્રણી અને શિક્ષણપ્રેમી શેઠશ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી આ સંસ્થાના કાર્યકર્તાઓનું ખમીર પારખી તેમની સાથે સહકાર કરવા આગળ આવ્યા અને વિદ્યાર્થી સંઘને લાલજી રામજી બુક બેન્કની ભેટ મળી. તે સમયે આ સંસ્થાને મજબૂત કરવા શ્રી ઠાકરશી મેઘજી ગોશર, શ્રી વીરચંદ લાલજી મુનવર, શ્રી પાર્શ્વીર ડાહ્યાલાલ ખોના, શ્રી પ્રવિણ દેવજી ખોના, શ્રી ધનપતિ ભદ્રીચંદ નાગડા આદિ મહાનુભાવોનો શ્રેષ્ઠ ફાળો રહ્યો હતો. આ તમામ વ્યક્તિઓ પ્રથમ સંમેલન વખતે કુમાર અવસ્થામાં હતા.

એટલે આપણે ક્યારે પણ એમ ન કહી શકીએ કે જ્ઞાતિ માટે પ્રવૃત્તિઓ ન થવી જોઈએ અને આવી જ એક પ્રવૃત્તિ સમયાંતરે ભરાતા જ્ઞાતિસંમેલનો છે.

૧૯૫૫ની સાલ સુધી આપણી જ્ઞાતિમાં ૫ થી ૭ મોટી પેઢીઓ કપાસના ધંધામાં સક્રિય હતી. કાળક્રમે કપાસનો ધંધો ઘસાતો ચાલ્યો રૂપિયાની કિંમત વિદેશી ચલણો સામે ઘટવા લાગી અને ધંધાઓમાં પરિવર્તનનો એક દોર શરૂ થયો. આ કાળમાં ધીમેધીમે દશા ઓશવાળોની પેઢીઓ પાછળ પડવા લાગી. દશા ઓશવાળોએ પોતાની ગરિમા જાળવી રાખતા પરિવર્તનના દોરને સાચવ્યો અને હિંમત ભેર આગળ વધવા કમ્મર કસી.

જ્ઞાતિજનો જ્ઞાતિના અસલ કપાસના ધંધાથી દૂર થવા લાગ્યા અને સમયની જરૂરિયાતને પારખીને ટ્રાન્સપોર્ટના ધંધામાં પગરણ માંડવા લાગ્યા. તે સમયે દક્ષિણ ભારતમાં કપાસના ધંધાથી દૂર થઈ ઈન્દ્રસ્ટ્રીઝ સ્થાપનાપરા શ્રી ભરત બી. ખીમજી હુબલી. મહાજન શ્રીના પ્રમુખ પદ પર આવ્યાં. તેઓશ્રી અરજણ ખીમજી ગ્રુપના એક નબીરા છે. તેમણે દક્ષિણના ગામે ગામના આગેવાનોને એકત્રીત કર્યા અને દક્ષિણ ભારત કે.ડી.ઓ. જૈન એકમની સ્થાપના કરી તેનો લોગો વિકસાવ્યો અને તેની કાર્યપદ્ધતિ નક્કી કરી તેમની અદમ્ય ઈચ્છા હતી કે આ એકમ દ્વારા જ્ઞાતિનું દ્વિતીય સંમેલન બોલાવવામાં આવે.

તે સમયે મહાજનશાહી પધ્ધતિ હજી જોરમાં હતી અને સંમેલન મહાજનશ્રી દ્વારા જ બોલાવવામાં આવતું. મુંબઈ મહાજનશ્રીના તત્કાલિન પ્રમુખ શ્રી પુનશી દામજી ખોનાએ દક્ષિણ ભારતના અધિકારીઓ સાથે મુલાકાતો કરી અંતે હુબલી મહાજને દ્વિતીય સંમેલનની ઘોષણા કરી જેનું સંપૂર્ણ આયોજન અને વ્યવસ્થા દક્ષિણ ભારત કચ્છી દશા ઓશવાલ જૈન એકમને સોપવામાં આવ્યું અને ઈ.સ. ૧૯૭૯ ને ઓક્ટોબર મહિના આસોમાસની નવરાત્રી દરમ્યાન સંમેલનનું આયોજન થયું.

સંમેલનના વરાયેલા પ્રમુખ ભરતભાઈ સમગ્ર ભારતભરના મહાજનોની મુલાકાત લેવા દેશાટન પર પધાર્યા. પ્રજામાં પણ ૩૨ વર્ષના વહાણા બાદ મળી રહેલા સંમેલન માટે અભૂતપૂર્વ ઉત્સાહ હતો. ગામોમાં ટકાવી રહેવાની તથા આ ગામોને ટકાવી રાખવાની મહેનત કરતા હતા. એમ કરતા કરતા સંમેલનની તારીખો નજીક આવી, મુલુંડથી તે સમયે હુબલી જવા માટે મહાલક્ષ્મી એક્સપ્રેસ એક જ ગાડી હતી. મુંબઈથી અઢીસો પ્રતિનિધિઓના કાફલા સાથે મુંબઈ મહાજનશ્રીના પ્રમુખશ્રી પુનશી દામજી ખોના સંમોલન માટે પ્રસ્થાન થયા. સર્વે પ્રતિનિધિઓ બપોરના વિજય મુહુર્તે હુબલી પહોચ્યાં. તેમને સર્વેને ખૂબજ સુંદર રીતે આવકારવામાં આવ્યાં. તેમને હુબલીની વિવિધ હોટલોમાં તેમને ઉતારા માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હુબલીના જ્ઞાતિજનો તથા ખાસ કરીને બહેનોની સ્વયંસેવિકા ટીમે એકેક પ્રતિનિધિની પાસે જઈ માનભેર સરભરા કરવામાં આવી. રાત સુધીમાં રજીસ્ટ્રેશન આદિની કાર્યવાહી પૂરી કરી બીજા દિવસની સ્વાગત યાત્રા માટે સૌ સજ્જ થયા.

બીજે દિવસે સવારના ૯.00 કલાકે હુબલી મધ્યે બિરાજમાન શ્રી અજીતનાથ દાદાના દર્શન કરી શોભાયાત્રાની શરૂઆત થઈ. આ શોભાયાત્રા હુબલીના રાજમાર્ગો પર ફરી ૧૦.30 વાગ્યે કબુ લધુ નગરના મુખ્યદ્વાર પર પહોંચી.

પહેલે દિવસે પહેલા સત્રની શરૂઆત થઈ તે સાથે જ કચ્છ એકમ તથા મહારાષ્ટ્ર એકમની પણ સ્થાપના થઈ અને તેના હોદ્દેદારો નિમાયા. એક એક કરીને વારાફરતી જ્ઞાતિ વિકાસના ખરડાઓ રજૂ થતાં ગયા અને તેમાં ઉત્સાહભેર પ્રતિનિધિઓ ભાગ લેવા લાગ્યા. મુંબઈ મહાજનશ્રીના પ્રતિનિધિ મંડળની અધ્યક્ષતા શ્રી પુનશી દામજી ખોનાએ સંભાળી. પ્રતિનિધિઓ ખૂબજ શિસ્તબદ્ધ વર્તયા. રજૂ થતાં ઠરાવો પર પુખ્ત ચર્ચાઓમાં પોતાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ભાગ લેતાં રહ્યાં ઘણી વખત એવી બાબતો પણ આવી અને ચર્ચાઓ જરા ઉગ્ર પણ બની, આ સમયે પ્રમુખશ્રી પુનશીભાઈએ બીજી સુપેરે સંભાળી અને સર્વેને પોતાની છત્રછાયા હેઠળ સંપૂર્ણ માર્ગદર્શન આપ્યું જેથી આગળ ઉપર સંમેલનની કાર્યવાદી સરળ રીતે ચાલી.

## સંમેલન શા માટે નહીં? - રાજેન્દ્ર મણીલાલ ખોના (૬મા પાનેથી ચાલુ)

સામાન્ય રીતે માણસ નાની મોટી વાતમાં અત્યંત ઉશ્કેરાઈ જતો હોય છે. કપરા સંજોગોમાં પોતાનું સંતોલન ખોઈને અનિચ્છનીય કાર્ય કરી બેસતો હોય છે. તેવા સમયે શ્રી પુનશી દામજી ખોના એક મૂર્તિમંત આદર્શરૂપ બન્યા. ત્યારે મારી ઉંમર ફક્ત ૨૬ (છવ્વીસ) વર્ષની હતી. શ્રી અનંતનાથ ટ્રસ્ટ ઉપર આ ઉંમરે બીજા નંબરે ચૂંટાઈને હું ટ્રસ્ટી બન્યો હતો. જ્ઞાતિજનો પણ મને ખૂબજ લાગણી આપી હતી પણ આ મૂર્તિમંત આદર્શોએ મારી મંજીલને ખૂબ સરળ બનાવી અને આગળ ચાલતા માત્ર ૩૨ વર્ષની ઉંમરે મને મુંબઈ મહાજનશ્રીનો પ્રમુખ બનાવ્યો.

સંમેલનના ત્રીજા દિવસે શેઠશ્રી ભરત બી. ખીમજીને સર્વ સત્તા આપતો ફાઉન્ડેશનની રચનાનો ઠરાવ થયો અને જ્ઞાતિના અગ્રગણ્ય જ્ઞાતિજનોના સન્માન સાથે શ્રી ભરત બી.ખીમજીને પણ જ્ઞાતિરત્નની પદવીથી નવાજવામાં આવ્યાં.

તેમણે પોતે શું કરવા ધારે છે તેનું સુંદર વિઝન (દ્રષ્ટીકોણ) રજૂ કર્યો, અને જ્ઞાતિ પાસેથી તે કાર્યને પૂર્ણ કરવા માટે સહયોગ આપવાની ભાવના રજૂ કરી તે દશેરાનો દિવસ હતો. સર્વત્ર અનિષ્ટ પરના વિજયોની પળ હતી અને સમગ્ર જ્ઞાતિ શેઠ શ્રી ભરત બી. ખીમજીના અધ્યક્ષપણા હેઠળ એક છત્રે ઉભા રહેવા માટે તૈયાર હતી આ સંમેલનમાં કુલ ૨૪(ચોવીસ) ઠરાવો રજૂ કરવામાં આવ્યાં જે આ અગાઉ જ્ઞાતિમૈયાના અંકમાં આપવામાં આવ્યા હોવાથી તેની પુનરૂક્તી નથી કરતા.

આ સંમેલનમાં ખાન-પાનની સંપૂર્ણ જવાબદારી મે પ્રતાપ કેટરર્સના બંને બંધુઓ શ્રી મણિકાંત હીરજી ધુલ્લા તથા શ્રી પ્રતાપ હીરજી ધુલ્લા વર્તમાનમાં મે.પ્રતાપ એક્સીલન્સી તથા મે.ચેતક કેટરર્સવાળા એ નિભાવી હતી. સમગ્ર જ્ઞાતિએ આ બન્ને બંધુબેલડીની કાબેલિયતનો પરચો મેળવ્યો અને ખૂબજ ઉત્કૃષ્ઠ રીતે મહેમાનગતી માણી. દશેરાની સાંજથી સંમેલનની પૂર્ણાહુતિ બાદ લોકો પોતપોતાના ગામો પ્રત્યે રવાના થયા જ્યારે મુંબઈ મહાજનનું પ્રતિનિધિ મંડળ બીજે દિવસે મુંબઈ તરફ રવાના થયું.

(અગાઉના છ અંકમાં છપાયેલ લેખનો સારાંશ... હવે આગળ વાંચો...)

હુબલી મુકામે ૧૯૭૯માં મળેલ દ્વિતીય સંમેલનના જ્ઞાતિના નિમ્નલિખિત મહાનુભવોનું સન્માન તેમના દ્વારા થયેલ કાર્યો તથા તેમાંના કેટલાકે મેળવેલ સિદ્ધીઓને કારણે તેમના બહુમાન થયાં. તેમનાં નામો આ પ્રમાણે છે.

**ક.દ.ઓ. જૈન જ્ઞાતિના દ્વિતીય સંમેલનના બહુમાન ધારકો :**

| | |
|---|---|
| હંસરાજ દેવજી ખોના (પટેલ) | (મોટીખાવડી-મોટીખાવડી) |
| રતનશી જેઠાભાઈ ખોના | (કોઠારા-સાંગલી) |
| મણિબાઈ ચીમનલાલ જેઠાભાઈ | (જખૌ-મુંબઈ) |
| ખીમજી કુંવરજી શાહ (વિકમશી) | (રાણપુર-મુંબઈ) |
| લાલજી હંસરાજ લાલકા | (વારાપધર-ગદગ) |
| જવેરચંદ પદમશી લોડાયા | (સાંયરા-મુંબઈ) |
| નારાણજી શામજી મોમાયા | (વરાડીયા-મુંબઈ) |
| લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ | (કોઠારા-મુંબઈ) |
| માનબાઈ રાયચંદ જીવરાજ મોમાયા | (સાંયરા-મુંબઈ) |
| લક્ષ્મીચંદ લાલજી રામજી લાલકા | (લાલા-મુંબઈ) |
| ચાંપશી ભારમલ નાગડા | (રાપરગઢવારી-મુંબઈ) |
| શીવજી કુંવરજી વીકમશી | (રાણપુર-મુંબઈ) |
| રાયચંદ ડુંગરશી વીમાવાળા(નાગડા) | (નલિયા-મુંબઈ) |
| કુમારી ધનવંતી વીશનજી જેતશી નાગડા | (નલિયા-પોંડીચેરી) |
| પાર્શ્વીર વીરજી ધુલ્લા 'પાર્શ્વ' | (ભરૂડીયા-રાજકોટ) |

મુંબઈમાં આવીને અલ્પસમયમાં જ્ઞાતિના તરવરીયા યુવાનોએ હુબલીમાં થયેલ ઠરાવ નં.૧૨ મુજબ જ્ઞાતિની બેન્ક સ્થાપવા પ્રવૃતિઓ ગતિમાન કરી તેમાંથી મુખ્ય હતા, શ્રી લક્ષ્મીચંદ શિવજી રતાણી, શ્રી વિરચંદ લાલજી મુનવર, શ્રી પ્રવીણ દેવજી ખોના, શ્રી ઠાકરશી મેઘજી ગોસર, શ્રી ધનપતિ ભદ્રીચંદ નાગડા અને હું અમે લોકો અવાર નવાર મળવા લાગ્યાં તે સમયમાં નવી શિડયુલ્ડ બેન્ક બનાવવા સરકાર તરફથી કોઈ પરમીશન મળતી ન હતી, પણ જો એક સમુહના લોકો ભેગા થઈ પોતાની બેન્ક સ્થાપવા માંગતા હોય તો તેમને કો-ઓપરેટીવ બેન્ક બનાવવા માટે મંજુરી આસાનીથી

# સંમેલન શા માટે નહીં? – રાજેન્દ્ર મણીલાલ ખોના (૭મા પાનેથી ચાલુ)

મળતી, પણ તેના માટેના કેટલાક માપદંડો જરૂરી હતા. જેમાં ઓછામાં ઓછા ૨૫૦૦ મેમ્બર અને અંદાજે સાડાચાર લાખ રૂપિયાની થાપણ એકત્રિત કરવાનું જરૂરી હતું. અમે લોકોએ એ માટે ભગીરથ પ્રયત્નો આદરવાની શરૂઆત કરી, સાથે અન્ય લોકો પણ જોડાતા ગયા અને કાર્યક્રમ આગળ વધતો ચાલ્યો.

અત્યારે એક જ્ઞાતિ પરિવારનો નામ ઉલ્લેખ કરવો અત્યંત જરૂરી સમજુ છું. કારણકે જે સમયમાં લોકો ૨૫ રૂપિયાનો એક શેર ખરીદવા ડરતા હતા. ત્યારે એકમેવ એવો પરિવાર નીકળ્યો જેણે રૂા. ૫૦૦૦/- ની મહતમ મર્યાદામાં આખા પરિવાર માટે. ૨૦૦-૨૦૦ શેર્સ ખરીદ્યા અને બેન્કને સૌથી મોટી કહેવાય એવી રકમ આપી, આજે એ વડીલશ્રી હયાત નથી. પણ તેમનું નામ આજે પણ જ્ઞાતિ ગૌરવભેર લે છે તેવા શ્રી ખીમજી કરમશી લોડાયા મોટીખાવડીવાલા વ્યવસાયે કલીયરીંગ ફોરવર્ડીંગનો બિઝનેસ મે રામજી દેવશી શાહ એન્ડ કાુ. ના નામે ચલાવતા હતા. એમની અગ્રતાથી અને પ્રયત્નોથી બેન્કને એક સુંદર ચાલના મળી અને ઝડપથી એનું નિર્માણ થયું એવી શ્રી અરિહંત કો.ઓપ.બેન્ક બીજા સંમેલનના ઠરાવના અમલીકરણ રૂપ અસ્તિત્વમાં આવી. પાછળથી શ્રી ખીમજીભાઈ પણ બેન્કના ડાયરેક્ટર ચૂંટાયા.

મિત્રો,તથા સર્વે જ્ઞાતિજનો બહેનો અને માતાઓ

મારો આશય સંમેલન શા માટે નહીં તેની શરૂઆત કરવા પાછળ એક જ આશય હતો કે તે સમયે દુષ્કાળ, ખર્ચા આદિના બહાના બનાવી સંમેલનને રોકવા ઈચ્છતા તત્વોને જ્ઞાતિ સંમેલનની ઉપયોગીતા સમજાવી સંમેલન બેરોકટોક થાય તે માટે સમજાવાનો હતો, જે મહદઅંશે પુરો થયો છે. પરંતુ આ થઈ રહેલા સંમેલનની કાર્યવાહી સાથે આ લેખ પુરો કરવામાં આવશે, આ અંક આપના કર કમલોમાં આવશે ત્યારે હું કદાચ કચ્છ પહોંચી ગયો હોઈશ તથા સંમેલનની તૈયારીઓ એના આખરી ચરણમાં હશે. સંમેલનના સન્માનીય વરાયેલા પ્રમુખ વર્તમાનમાં નલિયા પહોંચી ગયા છે અને દરેક ગતિવિધિઓ ઉપર પોતાની દેખરેખ રાખી રહ્યાં છે. હું પણ અત્યારે આપની પાસે બે અંક માટે રજા પ્રાર્થુ છે, કેમ કે આવતા શનિવારે આપણે સૌ સંમેલનમાં વ્યસ્ત થઈ ગયા હશું અને ત્યાર પછીના અંકમાં આપની સમક્ષ સંમેલનની ઝલકો પ્રસ્તુત કરવામાં આવશે એટલે આપણે ત્યાર પછીના અંકમાં ફરી મળીશું અત્યાર સુધીના મારા લખાણને આપે વાચ્યું, કેટલાક લોકોએ મારી સરાહના કરી તે બદલ આપ સર્વેનો ઋણી રહીશ. (ક્રમશ ....વધુ બે અંક પછી)

## ક.દ.ઓ. જૈન જ્ઞાતિના તૃતિય સંમેલનના બહુમાનધારકો

| | |
|---|---|
| શ્રી જેઠુભાઈ ગોવિંદજી મોમાયા | (વરાડીયા-વીરૂપુર) |
| શ્રી નરશી જેઠાભાઈ દંડ | (વરાડીયા-મલકાપુર) |
| શ્રી દેવકાબેન જવેરચંદ લોડાયા | (સાંયરા-મુંબઈ) |
| શ્રી ધનબાઈ લક્ષ્મીચંદ લોડાયા | (લાલા-મુંબઈ) |
| શ્રી ભવાનજી નરશી છેડા | (સુથરી-મુંબઈ) |
| શ્રી વિશનજી પદમશી ધરમશી | (સુથરી-કોચીન) |
| શ્રી ઈશ્વરચંદ ગુલાબચંદ શાહ | (વારાપધર-મુંબઈ) |
| શ્રી પ્રતાપ ગોવિંદજી શાહ (લોડાયા) | (સુથરી-મુંબઈ) |
| શ્રી ખીમજી કરમશી લોડાયા | (મોટીખાવડી-મુંબઈ) |
| શ્રી વીરચંદ કલ્યાણજી ધરમશી | (સુથરી-મુંબઈ) |
| શ્રી શીવજી દામજી શાહ | (રાપરગઢવારી-રાપરગઢવારી) |
| શ્રી જવેરચંદ નાગશી દેવાણી (લોડાયા) | (નાની ખાવડી-મુંબઈ) |
| શ્રી મહેન્દ્ર ગોવિંદજી લાલકા | (પરજાઉ-લખનૌ) |
| શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા | (રાયધણજર-મુંબઈ) |
| શ્રી મણીકાંત હીરજી ધુલ્લા | (જખૌ-મુંબઈ) |
| શ્રી તિલકચંદ શાંતિલાલ મોતા | (સાંયરા-મદ્રાસ) |
| શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા | (સાંયરા-મદ્રાસ) |
| શ્રી અંજલી શાંતિલાલ મોતા | (લાલા-મુંબઈ) |
| શ્રી તેજશ દિપક શાહ (શિયાલ) | (જખૌ-ધમતરી) |

# Shri KDO Jain Gnati 4th Samelan (Kutch Naliya on 23, 24, 25th December 2018)

## DATE: 23-12-2018, SUNDAY

| Time | Program | Venue |
|---|---|---|
| 08:00 - 09:30 a.m. | **NAVKASHI / BREAKFAST** | Main Dome |
| 09:30 - 09:45 a.m. | ACHALGACHHADHIPATI SHRI nu SAMAIYU ane VANDANA | Main Dome |
| 09:45 - 10:15 a.m | ACHALGACHHADHIPATI TAPASHVIRATANA | Main Dome |
| . | P.P.SHRI. GUNODAYSAGARSURISHWARJI M.S. NU MANGLIK / ASHIRWAD | |
| 10:15 - 10:30 a.m. | Deep Pragatya & Garland to Narshi Natha Photo | Main Dome |
| 10:30 - 10:40 a.m. | KDO History & Vision Video | Main Dome |
| 10:40 - 11:00 a.m. | Dignitaries to Grace the Dies AND Welcome with Memento | Main Dome |
| 11:00 - 11:05 a.m. | welcome Speech by Swagat Pramukh | Main Dome |
| 11:05 - 11:10 a.m. | Samelan pramukh declares the samelan open | Main Dome |
| 11:10 - 11:25 a.m. | Secretary General Welcome Speech | Main Dome |
| 11:25 - 12:30 p.m. | Speech by Chief Guest / Guests / Invited Dignitaries | Main Dome |
| 12:30 - 12:40 p.m. | Opening of YUVA FEST 2018 | Main Dome |
| 12:40 - 12:50 p.m. | Opening of NARI SHAKTI 2018 | Main Dome |
| 12:50 - 01:00 p.m. | Felicitation of Main Donors | |
| 01:00 - 02:00 p.m. | **Lunch Break** | |
| 02:00 - 02:15 p.m. | Ice Breaking Event | Main Dome |
| 02:15 - 02:45 p.m | Launch of KDO GLOBAL CARD | Main Dome |
| 02:45 - 03:30 p.m. | Benefits of Minority Classification to our community & Kharda | Main Dome |
| 03:30 - 04:00 p.m. | Khara - Samuh Pedi | Main Dome |
| 04:00 - 04:15 p.m. | **TEA BREAK** | |
| 04:15 - 04:45 p.m. | Kharda - Senior Citizen Nirdeshan' | Main Dome |
| 04:45 - 05:15 p.m. | Launch of KDO National Logo | Main Dome |
| 05:15 - 05:45 p.m. | Projects by KDO Education | Main Dome |
| 05:45 - 08:00 p.m. | DINNER & FREE Education | Main Dome |
| 08:00 - 09:30 p.m. | EVENT BY SAMAST MAHAJAN - MAHAJAN MILAP | Main Dome |

## DATE: 24-12-2018, MONDAY

| Time | Program | Venue |
|---|---|---|
| 08:00 - 09:00 a.m. | NAVKASHI / BREAKFAST | |
| 09:00 - 09:30 a.m. | Kharda - Lavadh Panch (Ref Old Samelan) | Main Dome |
| 09:30 - 10:00 a.m | Kharda - KDO Micro Finance | Main Dome |
| 10:00 - 10:45 a.m. | Launch og KDO Sanjevani Helping Hands | Main Dome |
| 10:45 - 11:00 a.m. | Launch of Dr. Directoy & MOU Launch | Main Dome |
| 11:00 - 11:30 a.m. | Kharda - Vastipatrak Amalgamation Into Samasth | Main Dome |
| 11:30 - 12:30 p.m. | Launch of KDO Aavas Scheme | Main Dome |
| 12:30 - 01:00 p.m. | Kharda - KDO Divyang | Main Dome |
| 01:00 - 02:00 p.m. | **Lunch Break** | |
| 02:00 - 02:15 p.m. | Ice Breaking Event | Main Dome |
| 02:15 - 02:45 p.m | Launch of Prijrct - KDO Swaraj | Main Dome |
| 02:45 - 04:00 p.m. | Kharda | Main Dome |
| 04:00 - 04:15 p.m. | **TEA BREAK** | |
| 04:15 - 04:45 p.m. | Launch of KDO B2B | Main Dome |
| 04:45 - 05:15 p.m. | Kharda -Jeevdaya | Main Dome |
| 08:00 - 09:30 p.m. | GARABA NIGHT | Main Dome |

## DATE: 25-12-2018, TUESDAY

| Time | Program | Venue |
|---|---|---|
| 08:00 - 09:00 a.m. | **NAVKASHI / BREAKFAST** | Main Dome |
| 09:00 - 10:45 a.m. | SHOBHA YATRA (GNATI GARIMA VARGODO) | Main Dome |
| 11:00 - 01:00 p.m. | FELICITATION (Bahuman)Ceremony | |
| 01:00 - 02:00 p.m. | **Lunch Break** | |
| 02:00 - 04:00 p.m. | OPEN SESSION OF SAMELAN (Summarizing 3 Days of Event) | Main Dome |
| | SAMAST COMMITTEE ANNOUNCEMENT AND COMMITMENT PLEDGE | Main Dome |
| 04:00 - 05:00 p.m. | CONCLUDING MESSAGE BY SEC. GENERAL AND Vote of Thanks | Main Dome |
| | Vote of Thanks by Naliya Mahajan | Main Dome |
| | Concluding Message by Samelan Pramukh | |

## Shri KDO Jain Gnati 1st Yuva Samelan (Kutch Naliya on 23, 24, 25th December 2018)

### DATE: 23-12-2018, SUNDAY

| Time | Program | Venue |
|---|---|---|
| 08:00 - 09:30 a.m. | **BREAKFAST** | Main Dome |
| 09:30 - 09:45 a.m. | ACHALGACHHADHIPATI SHRI nu SAMAIYU ane VANDANA | Main Dome |
| 09:45 - 10:15 a.m | ACHALGACHHADHIPATI TAPASHVIRATANA | Main Dome |
| . | P.P.SHRI. GUNODAYSAGARSURISHWARJI M.S. NU MANGLIK / ASHIRWAD | |
| 10:15 - 10:30 a.m. | Deep Pragatya & Garland to Narshi Natha Photo | Main Dome |
| 10:30 - 10:40 a.m. | KDO History & Vision Video | Main Dome |
| 10:40 - 11:00 a.m. | Dignitaries to Grace the Dias AND Welcome with Memento | Main Dome |
| 11:00 - 11:05 a.m. | welcome Speech by Swagat Pramukh | Main Dome |
| 11:05 - 11:10 a.m. | Samelan pramukh declares the samelan open | Main Dome |
| 11:10 - 11:25 a.m. | Secretary General Welcome Speech | Main Dome |
| 11:25 - 12:30 p.m. | Speech by Chief Guest / Guests / Invited Dignitaries | Main Dome |
| 12:30 - 12:40 p.m. | Opening of YUVA FEST 2018 | Main Dome |
| 12:40 - 12:50 p.m. | Opening of NARI SHAKTI 2018 | Main Dome |
| 12:50 - 01:00 p.m. | Felicitation of Main Donors | |
| 01:00 - 02:00 p.m. | **Lunch Break** | |
| 02:00 - 02:30 p.m. | Inauguration Ceremony | Yuva Dome |
| 02:30 - 03:00 p.m | Ice Breaking Event | Yuva Dome |
| 03:00 - 04:00 p.m. | Management Games | Yuva Dome |
| 04:00 - 04:30 p.m. | High Tea | |
| 04:30 - 05:45 p.m. | Motivational Seminar | Yuva Dome |
| 06:00 - 08:00 p.m. | Free Time & Dinner | |
| 08:00 - 10:00 p.m. | Standup Comedy, Beat Boxing, Street Magic & Mimicry | Yuva Dome |

### DATE: 24-12-2018, MONDAY

| Time | Program | Venue |
|---|---|---|
| 08:00 - 09:30 a.m. | **BREAKFAST** | |
| 09:00 - 09:30 a.m. | KDO Insights | Yuva Dome |
| 09:30 - 10:00 a.m | YUVA MEDICAL | Yuva Dome |
| 10:00 - 12:00 p.m | Venture Fund | Yuva Dome |
| 12:00 - 01:00 p.m. | **Lunch Break** | |
| 01:00 - 04:00 p.m. | Stress Management & Goal Setting | Yuva Dome |
| 04:00 - 04:30 p.m. | High Tea | |
| 04:30 - 05:45 p.m. | Emerging Talent - A Reality Theme Based Workshop | Yuva Dome |
| 06:00 - 08:00 p.m. | Free Time | |
| 08:00 - 09:30 p.m. | Dinner And Garba Night | Main Dome |

### DATE: 25-12-2018, TUESDAY

| | | |
|---|---|---|
| 08:00 - 09:30 p.m. | **BREAKFAST** | |
| 09:00 - 10:45 a.m | Shobha Yatra (Gnati Garima Vargoda) | Main Dome |
| 11:00 - 01:00 p.m. | Felicitation (Bahuman) Ceremony | Main Dome |
| 01:00 - 02:00 p.m. | **Lunch Break** | |
| 02:00 - 04:00 p.m. | Open Session of Samelan (Summarizing 3 days of Event) | Main Dome |
| | Samast Comittee Announcement and Commitment Pledge | |
| 04:00 - 05:00 p.m. | Concluding Message by Sec. General and Vote of Thanks | Main Dome |
| | Vote of Thanks by Naliya Mahajan | Main Dome |
| | Concluding message by Samelan Paramukh | Main Dome |

## Shri KDO Jain Gnati 1st Nari Shakti Samelan (Kutch Naliya on 23, 24, 25th December 2018)

### DATE: 23-12-2018, SUNDAY

| Time | Program | Venue |
|---|---|---|
| 08:00 - 09:30 a.m. | **NAVKASHI / BREAKFAST** | |
| 09:30 - 09:45 a.m. | ACHALGACHHADHIPATI SHRI nu SAMAIYU ane VANDANA | |
| 09:45 - 10:15 a.m | ACHALGACHHADHIPATI TAPASHVIRATANA P.P.SHRI. GUNODAYSAGARSURISHWARJI M.S. NU MANGLIK / ASHIRWAD | Main Dome |
| 10:15 - 10:30 a.m. | Deep Pragatya & Garland to Narshi Natha Photo | Main Dome |
| 10:30 - 10:40 a.m. | KDO History & Vision Video | Main Dome |
| 10:40 - 11:00 a.m. | Dignitaries to Grace the Dias AND Welcome with Memento | Main Dome |
| 11:00 - 11:05 a.m. | Welcome Speech by Swagat Pramukh | Main Dome |
| 11:05 - 11:10 p.m. | Samelan pramukh declares the samelan open | Main Dome |
| 11:10 - 11:25 p.m. | Secretary General Welcome Speech | Main Dome |
| 11:25 - 12:30 p.m. | Speech by Chief Guest / Guests / Invited Dignitaries | Main Dome |
| 12:30 - 12:40 p.m. | Opening of YUVA FEST 2018 | Main Dome |
| 12:40 - 12:50 p.m. | Opening of NARI SHAKTI 2018 | Main Dome |
| 12:50 - 01:00 p.m. | Felicitation of Main Donors | Main Dome |
| 01:00 - 02:00 p.m. | **Lunch Break** | Nari Dome |
| 02:00 - 03:00 p.m | Welcome Session | Nari Dome |
| 03:00 - 04:30 p.m. | Session on Vocational Skills | Nari Dome |
| 04:30 - 05:00 p.m. | **Tea Break** | |
| 05:00 - 05:15 p.m. | Loans & Assistance For Business | Nari Dome |
| 05:15 - 06:00 p.m. | Session on Finding Power and Secrets of 25th Hour | Nari Dome |
| 06:00 - 08:00 p.m. | Dinner and Free Time | |
| 08:00 - 09:30 p.m. | Event by Samast Mahajan - Mahajan Milap | Main Dome |

### DATE: 24-12-2018, MONDAY

| Time | Program | Venue |
|---|---|---|
| 08:00 - 09:30 a.m. | **NAVKASHI / BREAKFAST** | |
| 09:00 - 09:30 a.m. | Session on Digital Awareness | Nari Dome |
| 09:30 - 10:00 a.m. | set up and Scale up your business | Nari Dome |
| 10:00 - 10:30 a.m. | Session on Succession Planning, Will & Nomination / Legal Session on Women Rights | Nari Dome |
| 10:30 - 11:00 a.m. | Launch of KDO Swaraj | Nari Dome |
| | **Medical Awareness Programme** | |
| 11:00 - 11:30 p.m. | Session by Consultant Gastroenterologist | Nari Dome |
| 11:30 - 12:00 p.m. | Session on Diabetes, Obesity & Prevention of Cancers | Nari Dome |
| 12:00 - 12:20 p.m. | Session on Organ Donation | Nari Dome |
| 12:20 - 12:40 p.m. | Session on Health Insurance and What you should know about hospitals | Nari Dome |
| 12:40 - 01:00 p.m. | O & A Session on Women Related Issues | Nari Dome |
| 01:00 - 02:00 p.m. | **Lunch Break** | |
| 02:00 - 02:30 p.m. | Sedentary Life Style & Fix-It In Time | Nari Dome |
| 02:30 - 04:00 p.m. | Shakti Sanjeevni - Discover your best self | Nari Dome |
| 04:00 - 04:30 p.m. | **Tea Break** | |
| | **Sambandho Ni Sankal** | |
| 04:30 - 04:40 p.m. | Dil-Mil, Pyar-Pyar | Nari Dome |
| 04:40 - 05:00 p.m. | Bachpan + Pachpan | Nari Dome |
| 05:00 - 05:20 p.m. | Dil Ki Sagar | Nari Dome |
| 05:20 - 02:45 p.m. | Session on Art of Parenting | Nari Dome |
| 05:45 - 06:00 p.m. | Closing Ceremony | Nari Dome |
| 06:00 - 08:00 p.m. | Dinner And FreeTime | |
| 08:00 - 09:30 p.m. | Garba Night | Main Dome |

### DATE: 25-12-2018, TUESDAY

| Time | Program | Venue |
|---|---|---|
| 08:00 - 09:30 a.m. | **BREAKFAST** | |
| 09:00 - 10:45 a.m. | SHOBHA YATRA (GNATI GARIMA VARGODO) | Main Dome |
| 11:00 - 01:00 p.m. | FELICITATION (Bahuman) Ceremony | Main Dome |
| 01:00 - 02:00 p.m. | **Lunch Break** | Main Dome |
| 02:00 - 04:00 p.m. | OPEN SESSION OF SAMELAN (Summarizing 3 Days of Event) | Main Dome |
| | SAMAST COMMITTEE ANNOUNCEMENT AND COMMITMENT PLEDGE | |
| 04:00 - 05:00 p.m | CONCLUDING MESSAGE BY SEC. GENERAL AND Vote of Thanks | Main Dome |
| | Vote of Thanks by Naliya Mahajan | Main Dome |
| | Concluding Message by Samelan Pramukh | |

# કચ્છમાં કચ્છ એકમ દ્વારા સમૂહ લગ્નોત્સવ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ, સમૂહલગ્ન ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિના આગામી સમૂહલગ્ન તા. ૨૬-૫-૧૯ રવિવારના કચ્છમાં યોજાશે. ફોર્મ કચ્છ એકમ કાર્યાલય તથા કચ્છ એકમના સભ્યો પાસેથી મળી શકશે.

સમૂહ લગ્નમાં જોડાવા ઈચ્છુક પાર્ટીઓએ કચ્છ એકમ કાર્યાલય ગાંધીધામમાં પ્રમુખ મહેશ લાલકા મો. ૯૮૨૫૨૭૫૫૫ અથવા મંત્રી લહેરચંદ ખોના મો.૯૮૨૫૧૩૮૧૦૩નો સંપર્ક એમ અખબારી યાદી દ્વારા સૂચિત કરાયું છે.




## નલિયામેં નારીશક્તિ

Nલિયા ગામે જામશે કેડીઓ જ્ઞાતિનો મેળાવડો
Aaવશે સહુ નર-નારી-યુવાનો જ્ઞાતિ-સંમેલનમાં ભાગ લેવાને
Ranગાઈ ગયા છે સહુ જ્ઞાતિના પ્રેમ-રંગે
Iચ્છે છે સહુ પ્રેમથી હળવા-મળવાને
Shaશક્તિકરણ નારીનું આજે દેખાઈ રહ્યું છે
Haર્દિક અભિનંદન શ્રી નિશિથભાઈની મહેનતને
Aaવો સહુ ભેગા મળીને એન્ડ અવાજે
Kdo જ્ઞાતિની ગૌરવ-ગરિમા ગાઈએ
Tim-વર્કથી કાર્યક્રમ થશે ખૂબ સુંદર
Iશ્વર ચરણે એજ હૃદયથી પ્રાર્થના



- નીના નિતીન સાયલા (ડોંબીવલી)

# ચર્તુથ સંમેલનમેં પધારો મિડે



શુભ સવાર, તા.૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બરજી
મુંજે કચ્છડેજી ગાલ મિઠી,
ઓઢઈ ઘડકી ત રાત મિઠી.
કચ્છજી ધરતી તે આયો જ્ઞાતિ સંમેલન
હી ધુનિયા જે કોં પણ ખૂણે મેં,
કચ્છડેજી યાદ મિઠી, યાદ મિઠી.
ભાવર, ભેનરૂ જરૂર સંમેલન મેં અચીજા,
પધારજા.. પધારજા.. પધારજા...

– જસ્મીન જયંત છેડા

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫ા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છમાં જૈન સમાજનો સમૂહલગ્નોત્સવ ઉજવાયો

## ૨ અનાથ કન્યાઓ સહિત ૧૬ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા



શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા સમસ્ત જૈન સમાજનો ૨૮મો સમૂહલગ્નોત્સવ શ્રી લીલાશા કુટીયા-આદિપુર મધ્યે ઉજવાયો હતો. જૈન સમાજનાં ૧૬ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. સમૂહ લગ્નોત્સવના પ્રારંભે જીવદયા રૂપે ગાય માતાઓને નીરાચારાનો નિરણ નાખી કાર્યનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગ નજરે નિહાળવા સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં ઉમટયા હતા. બે દિવસીય આ પ્રસંગે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સમૂહલગ્નનાં મુખ્ય દાતાશ્રીનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન શાંતિલાલ કુંવરજી ધરમશી (અરિહંત કાર્સ) સુથરી-મુલુંડ, માતુશ્રી કંચનબેન (દિપાલીબેન) ગુલાબચંદ ત્રિકમજી નાગડા-રંગપુર-મુલુંડ, માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા પરિવાર-જખૌ-પુનાવાલાએ તથા કન્યાદાનના મુખ્ય દાતા શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી હ.શેઠ શ્રી હંસ બી. ખીમજી-તેરા માટુંગા રહ્યા હતા તથા સમૂહ લગ્નના સહયોગી દાતાશ્રીનો તથા કન્યાદાનના સહયોગી દાતાશ્રીનો લાભ વિવિધ દાતાશ્રીઓએ લીધેલ. લોનાવલા બાલાશ્રમની ૨ અનાથ કન્યાઓ પણ લગ્નગ્રંથીથી જોડાઈ હતી.




પ્રથમ દિવસે જાનૈયા-માનૈયાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી મુનિસુવ્રત સ્વામી મહાપૂજન પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.ની શુભપાવન નિશ્રામાં યોજાયું હતું. વિધિવિધાન શ્રી ધર્મેશભાઈ દેઢિયા-બિદડા-મુંબઈએ કરાવી હતી. જ્યારે સંગીતકાર કૌશિક બારોટ એન્ટ પાર્ટી પાલીતાણાએ ભારે રમઝટ જમાવી હતી. ધોતિયો આપવાની વિધિ બાદ શ્રી મહાકાળી માતાજીની ભાવના તેમજ સાંજે ધણીબાવા અને ભલારાદાદાના પાઠ યોજાયા હતા. જ્યારે રાત્રે સમૂહ દાંડીયારાસમાં પોલીબિટ્સ ઓરકેસ્ટ્રાના શ્રી રાજેશ શાહ એન્ડ પાર્ટીએ ભારે રમઝટ જમાવેલ.

## શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છમાં જૈન સમાજનો સમૂહલગ્નોત્સવ... (૧૩મા પાનેથી ચાલુ)





બીજા દિવસે સવારે કન્યાદાન એ મહાદાન, સ્વપ્ન સાકાર કરતું ભવ્ય પ્રદર્શન શ્રી મહેન્દ્રભાઈ ભાણજી પાસડ તથા જતીન ગુલાબચંદ નાગડાના વરદ્ હસ્તે ખુલ્લું મુકવામાં આવેલ. બેન્ડ પાર્ટી અને ઢોલ-શરણાઈનાં સૂરો વચ્ચે વરરાજાઓનો ભવ્યાતિભવ્ય વરઘોડો વાજતે-ગાજતે નીકળ્યો હતો. પોંખવાની વિધિ બાદ હસ્તમેળાપ યોજાયા હતા.



બપોરે સત્કાર અને અભિવાદન સમારોહનું અધ્યક્ષપદ રાષ્ટ્રીય અલ્પસંખ્યક આયોગ - (ભારત સરકાર) સદસ્ય શ્રી સુનીલજી સિંઘીએ જ્યારે મુખ્ય અતિથિ વિશેષ પદ રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિરે તેમજ અતિથિ વિશેષ પદ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, મુંબઈ મહાજન અધ્યક્ષ કલ્પેશભાઈ મોતા, સમાજશ્રેષ્ઠી શ્રી તરૂણભાઈ લોડાયા, ક.દ.ઓ. સમસ્ત મહાજનના નિશિથભાઈ દંડ, દેવેન્દ્ર ધરમશી, જતીન નાગડા, મહેન્દ્રભાઈ પાસડ, તિલકચંદ ખોના, જયેશ લોડાયા, મીઠીબાઈ લોડાયા, લતાબેન મોમાયા, નિલેશ મોતા, હેમંત ધુલ્લાએ શોભાવ્યું હતું. પ્રારંભે આગેવાનોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

પ્રારંભે શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈનાં અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને મહેમાનોને મીઠડો આવકાર આપ્યો હતો અને જણાવ્યું હતું કે, દર વર્ષે ડિસેમ્બર માસમાં ગ્રુપ દ્વારા કચ્છમાં સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. દરેક કાર્યક્રમો સમૂહલગ્ન સ્થળે યોજવામાં આવતા હોવાથી સમૂલગ્નમાં જોડાતી પાર્ટીઓ ઘરે કોઈ કાર્યક્રમો યોજતી નથી અને સમાજ ખોટા ખર્ચામાંથી બચે છે. બસ આજ અમારું ઉદ્દેશ છે. જે સારી રીતે ફળિબધ્ધ થાય છે.

મુંબઈ મહાજનના અધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ મોતાએ જણાવ્યું હતું કે, સમાજે સમય અને સંપતિઓ બચાવી છે. ગ્રુપ દ્વારા શિક્ષણ, મેડિકલ, સ્વચ્છતા, માનવસેવા, પર્યાવરણ અને જીવદયાનાં સુંદર કાર્યો હાથ ધરાય છે જે અભિનંદનીય છે.

ક.દ.ઓ. સમસ્ત મહાજનના સેક્રેટરી શ્રી નિશિથભાઈ દંડે ગ્રુપને કન્યાદાન માટે સહયોગ આપનાર દાતાશ્રીઓની ભાવનાઓને બિરદાવી કાર્યની પ્રશંસા કરી હતી. ૨૮ વર્ષથી થતું આયોજન વંદનીય છે. દીકરીઓના કન્યાદાન માટે ગ્રુપે



## શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છમાં જૈન સમાજનો સમૂહલગ્નોત્સવ... (૧૪મા પાનેથી ચાલુ)




નાનામાં નાની ચીજ વસ્તુ સહિત ઘર માંડી આપ્યું છે. જે માટે એમણે યજ્ઞ માંડયો છે. સમાજમાં સમજદારીનો ભાવ છે. જેનાં કારણે સમાજ પ્રગતિ કરી રહ્યું છે. તેવું જણાવી નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા.

સમારોહના મુખ્ય અતિથિ રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિરે નવદંપતિઓને શુભ આશિર્વાદ પાઠવ્યા હતા.

શ્રી મહેન્દ્રભાઈ પાસડે જણાવ્યું હતું કે, કન્યાદાન એ મહાદાન છે તેવું ગ્રુપે સાબિત કરી આપ્યું છે. દીકરી મા-બાપનાં દિલનો ટુકડો છે. તેવું જણાવી કાર્યકરોની સમગ્ર ટીમને અભિનંદન પાઠવી નવદંપતિઓને આશિર્વાદ પાઠવ્યા હતા.



સમાજશ્રેષ્ઠી શ્રી તરૂણભાઈ લોડાયાએ નવદંપતિઓને સુખી સમૃદ્ધ અને સ્નેહાળ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી સંસારમાં ક્યારે પણ વિધ્ન ન આવે તેવા આશિર્વાદ પાઠવ્યા હતા. સમાજનું કડીરૂપ કામ થઈ રહ્યું છે તેવું જણાવ્યું હતું. આ પ્રસંગે રાજસ્થાનમાં યોજાનાર દિક્ષા મહોત્સવના દિક્ષાર્થી શ્રી મનોજકુમાર શ્રીશ્રીમાલનું ગ્રુપ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

સમારોહ અધ્યક્ષ શ્રી સુનીલજી સિંઘીએ જણાવ્યું હતું કે, અગાઉ સમૂહ લગ્નોમાં અતિથિ બનીને આવ્યો હતો. આજે સહયોગી બનીને આવ્યો છું. કચ્છની ધરતીને વંદન કરું છું. સમૂહલગ્ન નજરે નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરું છું. સમૂહલગ્નોની પ્રવૃતિઓને હંમેશા સહયોગ મળી રહેવો જોઈએ. શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના ૨૮ વર્ષના કાર્યને અંતરની બિરદાવું છું. પ્રભાવિત થઈને આ કાર્યની ઊંડી નોંધ લઈને જાઉ છું. અલ્પસંખ્યક જૈન માયનોરીટીમાં જૈનોને મળતા લાભો અંગે માહિતી આપી હતી. સરકારશ્રી સાથે રહી જૈન સમાજના પરિવારોની વચ્ચે શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ સાથે બેઠક કરી માયનોરીટી સ્કીમ આગળ ધપાવવા ઈચ્છા વ્યક્ત કરી હતી. સંસારનું સર્જન કરતી નિઃસ્વાર્થ સેવા સ્ત્રીઓમાં છે. સ્ત્રી લક્ષ્મી સ્વરૂપે તમારા ઘેર પ્રવેશ કરી રહી છે. સંસારને સુખી અને સમૃદ્ધ બનાવજો. તેવું જણાવી નવદંપતિઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સંપૂર્ણ સમૂહલગ્નનાં દરેક દાતાશ્રીઓનું અભિવાદન કરવામાં આવેલ. આ પ્રસંગે યાદગાર સ્મૃતિ સંભારણું બુકની વિમોચનવિધિ શ્રી સુનિલજી સિંઘી તથા આગેવાનોના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન લલીત પરમારે જ્યારે આભાર દર્શન પ્રબોધ મુનવરે કરેલ. વ્યવસ્થામાં જયેશ જૈન, ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા, વિપુલ પટેલ, કિરણ દંડ, અરવિંદ લોડાયા, વિપુલ લાલકા, સોમચંદ નાગડા, કુસુમ લાલકા, પ્રવીણ મોતા, વીરચંદ ખોના, ચેતન ખોના, ભદ્રિક મૈશેરી, હેમંત મોતા, વિરેન્દ્ર લોડાયા તથા ગ્રુપનાં સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો.

# પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. મંજલ રેલડીયા ગામે પધાર્યા





તા.૧૫-૧૨-૨૦૧૮ શનિવાર સવારે મંજલ રેલડીયા ગામે પધાર્યા.
આ પાવન અવસરની ઝલક તસવીરોમાં જોઈ શકાય છે.






## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# પંચતીર્થી પૈકીના સાંધાણ તીર્થે ધ્વજા મહોત્સવ યોજાયો





અબડાસા પંથકની જૈન પંચતીર્થી પૈકીના એક તીર્થ સાંધાણનગરે ધ્વજા મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરાયું હતું. સકળ સંઘની બહોળી ઉપસ્થિતિ સાથે આયોજન ભવ્યાતિભવ્ય સફળતાથી સંપન્ન થઈ હતુ.






**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**


**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, નલિયા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

કાર્યાલય : રૂમ નં. ૨, બી વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, કૃષ્ણાકુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ઈમેલ : mahajansamast@gmail.com • વેબસાઇટ : www.kdosamastamahajan.org

આયોજિત

## ચતુર્થ જ્ઞાતિ સંમેલન એવં પ્રથમ રાષ્ટ્રીય નારી શક્તિ ૨૦૧૮ એવં પ્રથમ રાષ્ટ્રીય યુવા ફેસ્ટ ૨૦૧૮ના કાર્યક્રમોની રૂપરેખા

યજમાન : **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન,** નલિયા

સ્થળ : **શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર,** નલિયા અબડાસા, કચ્છ.

મુખ્ય સહયોગી : **શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી,** કચ્છ તેરા, માટુંગા હસ્તે **શેઠશ્રી હંસ બી. ખીમજી,** તેરા-માટુંગા

### પ્રથમ દિવસ તા. ૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ **પ.પૂ.આ.ભ.તપસ્વીરત્ન શ્રી ગુણોદયસાગરજી સૂરીશ્વરજી મ.સા.**નું સામૈયુ સહ માંગલિક/આશિર્વાદ.
૧૦.૦૦ થી ૧.૩૦ સંમેલન ઉદ્ઘાટનની વિધિઓ


• દિપ પ્રાગટ્ય • સંમેલનના ગણમાન્ય અતિથિઓ/પ્રમુખશ્રી દ્વારા સ્થાન ગ્રહણ/ઉદ્‌બોધન • સેક્રેટરી જનરલ દ્વારા સંમેલનના કાર્યક્રમોની રૂપરેખા • યુવા ફેસ્ટ ૨૦૧૮નું ઉદ્ઘાટન • નારી શક્તિ ૨૦૧૮નું ઉદ્ઘાટન • સંમેલનના મુખ્ય લાભાર્થીઓનું સન્માન • ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિશ્રામ • ૨.૩૦ થી ૫.૪૫ ખરડા સમિતિ દ્વારા રજુઆતો/ઠરાવ • ૫.૧૫ ચૌવિહાર • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ'નો કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮


• સવારના ૯ થી ૧.૦૦ ખરડા સમિતિ દ્વારા રજુઆતો/ઠરાવ • ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • ૨.૦૦ થી ૫.૪૫ ખરડા સમિતિ દ્વારા રજુઆતો અને અન્ય પ્રાસંગિક રજુઆતો/ઠરાવ • ૫.૧૫ ચૌવિહાર • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

• સવારના ૯ થી ૧૧.૦૦ સંમેલનની શોભાયાત્રા • ૧૧.૦૦ થી ૧.૦૦ સંમેલનનું ખુલ્લું સત્ર પ્રારંભ • સેક્રેટરી જનરલ દ્વારા આવકાર ભાષણ • સંમેલને પસાર કરેલ ખરડાની રજુઆત • સમસ્ત મહાજનની સમિતિઓના કાર્ય બાબત રજુઆત/અન્ય જ્ઞાતિહિતના પ્રકલ્પોની જાહેરાત • ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • ૨.૦૦ થી ૫.૪૫ જ્ઞાતિના વરિષ્ઠ તેમજ અનન્ય સિધ્ધિ પ્રાપ્ત જ્ઞાતિજનોનું બહુમાન • સમસ્ત મહાજન દ્વારા નલિયા મહાજનનું સન્માન/બહુમાન/આભાર કાર્યક્રમ • નલિયા મહાજન દ્વારા સમસ્ત મહાજનનું સન્માન/બહુમાન/આભાર કાર્યક્રમ • સંમેલનની પૂર્ણાહુતિ પ્રસંગે સેક્રેટરી જનરલનું ઉદ્‌બોધન અને આભાર પ્રદર્શન વિધિ.



## નારી શક્તિ-૨૦૧૮



### પ્રથમ દિવસ તા.૨૩-૧૨-૨૦૧૮

સવારના ૯.૩૦ થી ૧.૩૦ મુખ્ય સંમેલનમાં હાજરી • ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિરામ • ૨.૩૦ થી ૫.૪૫ વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • ૫.૧૫ ચૌવિહાર • ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ' કાર્યક્રમ

### દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮

સવારના ૯ થી ૧.૦૦ વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • અને મહિલા વિકાસના પ્રકલ્પની જાહેરાત • ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ • ૨.૦૦ થી ૫.૪૫ વૈદ્યકિય બાબતે માર્ગદર્શન અને વિવિધ વિષયે બહેનોને જાણકારીઓ • ૫.૧૫ ચૌવિહાર • ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

### તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮

સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ શોભાયાત્રામાં હાજરી • ૧૧.૦૦ થી ૧.૦૦ મોટીવેશનલ કાર્યક્રમ/નારી શક્તિ ૨૦૧૮ની પૂર્ણાહુતિ • ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ • ૨.૦૦ થી ૫.૪૫ મુખ્ય સંમેલનમાં હાજરી • ૫.૧૫ ચૌવિહાર

## યુવા ફેસ્ટ–૨૦૧૮

**પ્રથમ દિવસ તા.૨૩-૧૨-૨૦૧૮**

સવારના ૯.૩૦ થી ૧.૩૦ મુખ્ય સંમેલનમાં હાજરી ● બપોરના ૧.૩૦ થી ૨.૩૦ ભોજન વિરામ ● બપોરના ૨.૩૦ થી ૫.૪૫ વિવિધ વિષયે યુવાઓને માર્ગદર્શન તથા મેનેજમેન્ટ ગેમ ● ૫.૧૫ ચૌવિહાર ● ૮.૦૦ થી ૯.૩૦ 'મહાજન મિલાપ' કાર્યક્રમ

**દ્વિતીય દિવસ તા.૨૪-૧૨-૨૦૧૮**

સવારના ૯.૩૦ થી ૧.૦૦ યુવાઓને જ્ઞાતિ સેવામાં જોડાવા આહવાન ● બપોરના ૧.૦૦ થી ૨.૦૦ ભોજન વિરામ ● બપોરના ૨.૦૦ થી ૫.૪૫ સમસ્ત મહાજનના પ્રકલ્પની રજુઆત અને મનીષ જૈન દ્વારા માર્ગદર્શન ● ૫.૧૫ ચૌવિહાર ● ૮.૦૦ થી ૯.૩૦ 'રાસગરબા'નો રંગારંગ કાર્યક્રમ

**તૃતીય દિવસ તા.૨૫-૧૨-૨૦૧૮**

સવારના ૯.૦૦ થી ૧૧.૦૦ શોભાયાત્રામાં હાજરી ● સવારના ૧૧.૦૦ થી ૧.૦૦ સમસ્ત મહાજનના પ્રકલ્પની જાહેરાત/યુવા ફેસ્ટ-૨૦૧૮ની પૂર્ણાહુતિ ● બપોરના ૧.૦૦ થી ૨.૦૦ નાતજમણ ● બપોરના ૨.૦૦ થી ૪.૦૦ મુખ્ય સંમેલનમાં હાજરી ● ૫.૧૫ ચૌવિહાર

# બોંતેર જિનાલય ગુરૂમંદિરમાં પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભ સાગરસૂરિશ્વરજી મ.સા. દર્શનાર્થે પધાર્યા




તા.૧૪-૧૨-૨૦૧૮ શુક્રવાર રોજે પ.પૂ.આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. બોંતેર જિનાલયમાં પ.પૂ. આ.ભ. શ્રીગુણસાગરસૂરી ગુરૂ મંદિરમાં દર્શનાર્થે પધારેલ. પ.પૂ.આચાર્યશ્રીજીનું બિદડા હોસ્પિટલમાં આંખના મોતિયાનું ઓપરેશન થનાર છે.




# અચલગચ્છ જૈન દેરાસર વસઈમાં જ્ઞાન ભંડારનું ઉદ્‌ઘાટન








વસઈ અચલગચ્છ જૈન દેરાસર ટ્રસ્ટમાં જ્ઞાન ભંડારનું ઓપનીંગ કરાયું. આ પ્રસંગે બહુ સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિત રહી હતી. પ.પૂ.આચાર્ય ભગવંતોની પાવન ઉપસ્થિત સાથે આ મંગલ પ્રસંગ સંપન્ન થયો હતો.


॥ શ્રી મહાવીરાય નમઃ॥ ॥ શ્રી સુવિધીનાથાય નમઃ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ॥

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન** (રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ,તા. અબડાસા, (કચ્છ)-૩૭૦૬૪૦ : ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

મુંબઇ ઓફીસ : જયંતીલાલ દેવશી મૈશેરી : એ-૨૨, એશ્વર્યા ટાવર, ગોશાળા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઇ -૪૦૦ ૦૮૦.

## યાત્રા પ્રવાસ : ૨ રાત્રી ૨ દિવસ : સાપુતારા, વણી, દેવલાલી - રૂા. ૧૫૦૦ /-

જાન્યુઆરી શુક્રવાર તા. ૪-૧-૨૦૧૯ ના રાત્રે ૧૧.૩૦ કલાકે અતીથી હોટલ, મુંલુડ (વેસ્ટ) સ્ટેશન પાસે થી (૨ X ૨ એ.સી બસ ) દવારા ઊપડશે.

શનિવાર તા. ૫-૧-૨૦૧૯ સાપુતારા દર્શન- સેવા - પુજા, સાઇટસીન, રાત્રી રોકાણ

રવિવાર તા. ૬-૧-૨૦૧૯ સાપુતારા દર્શન-સેવા-પુજા,નવકારશી,વણી,નાસીક,દેવલાલી દર્શન,ચોવીહાર પ્રસ્થાન મુબંઇ આગમન રાત્રે ૧૦.૦૦ કલાકે

**વહેલો તે પહેલાનાં ધોરણે ૧ બસનાં નામ લખવામાં આવશે.**

આપ આપના રૂા. ૧૫૦૦ /- વ્યકિત દીઠ શ્રી કે. ડી. ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન, - મસજીદ બંદર શાખામાં ભરી શકો છો. અને બેંક સ્લીપ સ્ટેમ્પ મારેલી આ નં 98197 48250 વોટસપ ઉપર મોકલવી જરૂરી છે.


Bank Account No. 004001002291
Branch : Chinch Bunder Branch
IFSC Code : ICIC00ARIHT

Contact : Jayantilal Meisheri - 98197 48250

# વસઈ નગરથી શાહપુર છરીપાલિત સંઘનું પ્રસ્થાન



તા.૧૨-૧૨-૨૦૧૮ બુધવારના દિને વસઈ નગરેથી શાહપુર છરીપાલિત સંઘનું પ્રસ્થાન આગમ દિવાકર પ.પૂ.આચાર્ય દેવેશ શ્રી મહોદય સાગર સૂરિશ્વરજી મ.સા. આધ્યાત્મ યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મહારાજ સાહેબ અને વિશાળ સાધુ-સાધ્વીજી ભગવંતો સંગે ચતુર્વિધ સંઘ સાથે પ્રસ્થાન કરેલ. આ અણમોલ પ્રસંગની તસ્વીરી ઝલક.







# શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

## નારી સશક્તિકરણ સમિતિ આયોજિત

# નારી શક્તિ ૨૦૧૮

## તા: ૨૩ ડિસેમ્બર ૨૦૧૮ થી ૨૫ ડિસેમ્બર ૨૦૧૮માં સહભાગી થાવ

**યોગ્યતાના ધોરણે ૩૦૦ મેમ્બરોને આમંત્રણ આપવામાં આવશે.**

આ સેમિનારનું મુખ્ય આકર્ષણ આમાં હેલ્થ, કાયદાકીય, નાણાંકીય વિષયક જાગૃતિ, વ્યાપાર રોજગારમાં પ્રગતિ, પ્રેરણાયીક વિચારો સાથે વ્યક્તિત્વ વિકાસ વિશે માર્ગદર્શન અપાશે. ★ એન્ટ્રી નિશુલ્ક ★ નોંધણી ફરજિયાત

**ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૫ ઓક્ટોબર ૨૦૧૮**

**વિગતો માટે સંપર્ક કરો :**

**મનીષભાઈ લોડાયા - ૯૭૬૯૯ ૯૧૯૨૨**

---

## Shree Samast KDO Jain Mahajan YUVA Committee Organise




So pull up your socks & get ready for

* Power Packed Seminars * Enlightment on Goal Setting * Vision Development * Treasure Hunt * Team Building Games * Campfire * Garba Night ......and much more

**Date: 23 Dec. 2018 To 25 Dec. 2018**

Criteria :

*** 16 yrs to 35 yrs Unmarried * Limited Seats**

*** No Entry Fees * Registration Compulsory**

Hope to see you all in Huge Numbers.

For Details Contact : **9769502277, 9579787800, 9769991922**

**Venue: Naliya, Kutch**

# જાહેર વિજ્ઞપ્તિ

**શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ,**

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજનના દરેક મહાજનોને જ્ઞાત જ હશે કે આપણી જ્ઞાતિનું ચતુર્થ સંમેલન ૨૭ વર્ષના વહાણા બાદ કચ્છ-નલીયા ખાતે યોજાઈ રહ્યું છે. કચ્છમાં સંમેલનનું આયોજન કરવું ભગીરથ કાર્ય છે. કચ્છના અન્ય મહાજનો/સંસ્થાઓ તથા સૌ જ્ઞાતિજનોના સથવારે આપણે આ કાર્યને પહોંચી વળશું. આ સંમેલનમાં પ્રતિનિધિ તરીકે સામેલ થવા માટે આપણા દરેક મહાજનોને પત્ર સાથે ફોર્મ મોકલેલ છે. 'દર દશ (૧૦) ઘર દીઠ એક પ્રતિનિધિ' મુજબ પ્રતિનિધિની નિમણુંક કરવાની હોઈ આપના સ્થાનિક મહાજનનો સંપર્ક કરી આપનું પ્રતિનિધિ તરીકેનું ફોર્મ ભરી રજીસ્ટ્રેશન કરાવી લેશો તથા દરેક મહાજનશ્રીઓને પણ વિનંતી છે કે તેઓ પ્રતિનિધિના ફોર્મ ભરીને જલ્દીથી જલ્દી શ્રી સમસ્ત મહાજનની મુલુંડ ખાતેની ઓફીસે મોકલશો. શરતચૂકથી અગર કોઈ મહાજનને ફોર્મ ના મળી શક્યું હોય તો તેઓ gyatimaiya2018@gmail.com પર પોતાની mail id પર થી mail કરશો તો તમોને તુરંત ફોર્મ મેલ દ્વારા મોકલી શકીશું. આ સંમેલનમાં નારી શક્તિ ૨૦૧૮ તથા યુથ ફેસ્ટ ૨૦૧૮નું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા માટે ગુગલ ફોર્મની લીંક આ અંકમાં સામેલ હોઈ જલ્દીથી જલ્દી રજીસ્ટર કરી આપનું સ્થાન સુનિશ્ચિત કરી લેશોજી.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ :

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન,**

**૨, બી-વિંગ, કૃષ્ણકુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.**

**સંપર્ક : મનિષ લોડાયા : ૯૭૬૯૯૯૧૯૨૨**





**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટ્સએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**

Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794



MA OM PARIVAHAN PVT. LTD.
WORK IS WORSHIP

Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com

❖❖❖ WAREHOUSE ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781



LA.LAA.PO.
VIPUL ESTATE AGENCY
MAHA RERA Reg : A51800011694




Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)

• Mulund • Bhandup •Thane
& All Over Mumbai
Email : vipularmada@gmail,com

Vipul L. Poladia
9833060660
9869167172
8369170575

Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479






શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર (ગામ - સાયરા)

# જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ
# www.kdosamastamahajan.org





આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત
અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે
પીડીએફ નકલ ડાઉનલોડ કરી
પ્રિન્ટ હાથ વગી કરી શકશો



ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

## Bipin Nagda
Insurance & Financial Services

An ISO 9001:2015 Certified Co.

## India's Leading Agent
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

## VEENA NAGDA BOLLYWOOD MEHENDI ACADEMY

### CERTIFICATE COURSE

40 Years Experience in Mehendi

All Types of Mehendi & Personality Development
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western Etc.



Working Women's Special Batch on Sunday

Malad (W):
Nr. Rly. Station.
Time: 11 to 3pm.
Call: 9920641717

Masjid Bunder (W):
Nr. Rly. Station.
Time: 11am to 3pm.
Call: 9820431717

Out of Mumbai, Inquiries also Available.

Special Discount For S.S.C.

Email: veenanagda17@gmail.com
We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Name :** Manan Prafullchandra Nagda

**Address :** A-11, Laxman Dham Building, Mhatre Nagar, Rajaji Road, Dombivali (East).

**Personal Details :**

**Vasti Pratak Kutumb Kramank :** NLNG1802201

**Date of Birth :** 3rd June, 1987

**Sex :** Male

**Marital Status :** Divorced

**Native Place :** Naliya-Kutch

**Religion :** Hindu (Jain-Kutchi)

**Languages Known :** English, Hindi, Marathi, Gujarati

**Height :** 5'10" Inch

**Education :** 8th

**Computer Literacy :**

Working knowledge of Computers in Basic MS-Office, Internet

**Hobbies :** Reading, Moving out with friends and family members, Listening to music, Play Cricket

**Occupation :** Business (Nagda Radlines-Proprietor)

Gyatimaiya KDO Mahajan Code No. G-15



**Name :** Rajul Ramesh Mota

**Date of Birth :** 27th Feb. 1989

**Place of Birth :** Mumbai

**Height :** 5.2"

**Weight :** 62 kg

**Education :** M.Com., B.Ed.,

**Native Place :** Kothara

**Father :** Ramesh Chapshi Mota

**Mother :** Jyoti Ramesh Mota

**Marital Status :** Divorcee, has a son of six years.

**Occupation :** Lecturer in College

**Address :** B/205, Virar Gokul, Vartak Road, Near Ram Nagar, Virar (West).

**Contact :** 9326466332

Gyatimaiya KDO Mahajan Code No. B-12

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# વસઈ જૈન સંઘ છરિપાલિતના સંઘપતિના નિવાસ સ્થાને મહારાજ સાહેબના પગલાં





વસઈ અચલગચ્છ જૈન દેરાસર ટ્રસ્ટ દ્વારા છરિ પાલિત સંઘના સંઘપતિ શ્રી વિમલદેવ પરિવારના નિવાસ સ્થાને આચાર્ય દેવેશશ્રીમહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.એ પાવન પગલાં કરાયા હતા.

# શ્રી વસઈ અચલગચ્છ જૈનસંઘમાં વિશાળ ગુરૂ સ્તુપની સ્થાપના

વસઈ નગર મધ્યે અચલગચ્છ જૈન સંઘમાં શુક્રવાર તા.૭-૧૨-૨૦૧૮ ના રોજ પ.પૂ. આચાર્ય દેવેશશ્રી મહોદયસાગરજી મ.સા. અને આધાત્મા યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.આદિ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં તેમજ પાવન સાંનિધ્યમાં ચર્તુવિધ સકળ સંઘના ઉપસ્થિતિમાં એકસોમાં શતાબ્દિ મહામાંગલિક એવમ ૩૧ અચલગચ્છાધિપતિ ગુરૂ પાદુકા સહ ૧૩ ફૂટના સુવિશાળ ગુરૂસ્તૂપની સ્થાપના કરાઈ.




# વસઈ અલગચ્છ જૈન સંઘમાં રત્નાકુશી માતાજીનું સન્માન કરાયું





વસઈ અચલગચ્છ જૈન દેરાસર ટ્રસ્ટના આંગણે આગમ દિવાકર પ.પૂ.આચાર્ય દેવેશશ્રીમહોદયસાગરસૂરિશ્વરજી મ.સા., આધ્યાત્મ યોગી ઉદયરત્ન સાગરજી મ.સા. અને વિશાળ સાધુ સાધ્વી ભગવંતોની નિશ્રા અને ચતુર્વિધ સંઘના શ્રાવક શ્રાવિકાઓની બહોળી ઉપસ્થિતમાં રત્નાકુશી માતાજીનું બહુમાન કરવામાં આવ્યું. તે સુવર્ણ ક્ષણો તસ્વીરોમાં કેદ કરાઈ છે.








● ધોરડો ખાતે શ્વેત રણને માણવા રણોત્સવ દરમ્યાન દરરોજ હજારો પ્રવાસીઓ આવતા હોય છે. તંબુ નગરીથી જ્યાં સફેદરણ આવેલું છે. એ અફાટ ખારા પાટને નિહાળવા વ્યુ ટાવર બનાવવામાં આવ્યો છે. પરંતુ ટાવરની ક્ષમતા કરતાં વધુ પ્રવાસીઓ ઉપર ચડતા હોવાથી જોખમ સર્જાય તેવી દહેશત વ્યક્ત થઈ છે પર્યટકો મોબાઈલમાં સેલ્ફી ફોટો લેવાની લાલચમાં એક સાથે સૌથી દોઢસો પ્રવાસીઓ ટાવરના ઉપલામાળ સુધી ચડે છે. જેથી ક્યારેક મોટી દુર્ઘટના ને ખૂલ્લુ આમંત્રણ છે.

● ભુજ લોહાણા મહાજન દ્વારા સ્વાઈન ફ્લુ સામે રક્ષણ આચા હોમિયોપેથી ટીપાંનો કેમ્પ યોજાયો જેમાં ૧૫૦૦ લોકોએ લાભ લીધો હતો. આ ડોઝની અસર ૪૦ દિવસ સુધી રહેતી હોવાથી મહાજન દર ૪૦દિવસે યોજાશે એવું આયોજકો દ્વારા જણાવાયું હતું.

● દુષ્કાળ વર્ષ નિમિત્તે પાલતુ ગૌવંશના માલિકો પશુ જીવને રઝળતા રસ્તે ખૂલ્લા મૂકી દે છે. જે કાગળ, કચરો, એંઠવાડ પોતાનું જીવન ટકાવી રાખવા મથે છે અબડાસા પંથકના આ ગૌવંશને ખોળી પાંજરાપોળમાં મૂકવાનું અભિયાન ચલાવતા ૬૫૦ જીવોને એકત્રિત કરાયા હતા અને રાત તળાવ ખાતે પાંજરાપોળમાં ભરતી કરાયા હતા.

● છેલ્લા દોઢ દાયકાથી કચ્છના ધોરડોના શ્વેત રણમાં યોજાતા રણોત્સવને કેટલી સફળતા મળી છે. એનો પૂરાવો પૂરો પાડતી એક ઘટનાથી મળે છે. દુનિયાના ૧૯૫ દેશોમાં કારનું ઉત્પાદન કરતી ટોયોટા કંપનીએ પોતાનું સર્વિસ સ્ટેશન રણમાં શરૂ કર્યુ છે. રણોત્સવમાં પોતાના ખાનગી મોટરો લઈ આવતા પ્રવાસીઓની મોટા ભાગની કારો ટોયોટા કાં. ની હોય છે. ટોયોટા કાં.નું સર્વિસ સ્ટેશન છેક ગાંધીધામ નજીક વરસાણા હાઈવે પર આવેલું હોવાથી ધોરડો રણથી ક્ષતિગ્રસ્ત કારને ત્યાંલગી પહોચાડવા દોઢ સો કિ.મી. સુધી ખેંચી જવી પડે તેવા કિસ્સા બન્યા હતા. તેથી ગ્રાહકોએ કંપનીને મેઈલ કરીને રણમાં સર્વિસ આપવાની માંગ કરી હતી. આમ ગામ-શહેર કે વસતી વિનાના એરિયામાં દુનિયાનાં સંભવિત પ્રથમ સર્વિસ સેન્ટર કચ્છ-ધોરડોમાં શરૂ થયું છે.

● અંજાર તાલુકા આરોગ્ય કચેરી એને સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા નાના બાળકો માટે આરોગ્ય કેમ્પ યોજાયો જેમાં ૨૧૯ બાળકોની તપાસ કરી સારવાર અપાઈ. તાલુકાના જુદા જુદા વિસ્તારમાંથી આવેલા બાળકોને તપાસી વજન, ઊંચાઈ તથા ભૂખ પરીક્ષણની તપાસ કરી જરૂરિયાત મંદને આર.સી.એ. કાર્યક્રમ અંતર્ગત દવાઓ અપાઈ હતી.

● ભારતના શ્વેત ક્રાંતિના પ્રણેતા અને સહકારી ચળવળ અમૂલના સ્થાપક વર્ગીશ કુરિયનના જન્મ દિન હર વર્ષે નેશનલ મિલ્ક ડે તરીકે ઉજવાય છે. સરહદ ડેરી લાખોદ સ્થિત દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટથી બાઈકર્સ રેલીનું આયોજન આણંદ સુધી કરાયુ હતું.

● અપૂરતા વરસાદને કારણે ઊભી થયેલી અછતની વિકટ સ્થિતિમાં ગૌસેવાના સહાયર્થે માધાપરમાં વાગડ બે ચાલીસી જૈન યુવક મંડળ અને માધાપર જૈન સમાજ દ્વારા ગીતાબેન રબારીનો ડાયરો યોજાયો. જેમાં દાતાઓ અને ભજન પ્રેમીઓ મન મૂકી વરસી ૧૦.૫ કરોડની ધોર કરી જીવદયા કાર્ય માટે ફાળો આપ્યો હતો.

● છેલ્લા છવીસ વર્ષથી કચ્છી ભાષા કચ્છી સંસ્કૃતિ જાળવવા સમાજની સમસ્યા પર દેશભરમાં કચ્છી નાટકનું કચ્છ યુવક સંઘ દ્વારા મંચન કરાયા છે. ચાલુ સાલે દુષ્કાળની પરિસ્થિતિ અનુલક્ષી ગૌ સેવાને લાભાર્થે રામપર વેકરાના જલારામ ધામ મધે કચ્છી નાટક ''કેર સગા કેર હાલા'' નું આયોજન કરાયું. જેમાં ત્રણ કલાકમાં એક લાખ સાંઈઠ હજાર જેટલી માતબર રકમ ગૌ સેવાર્થે એકઠી થઈ.

# જીવન ઘટમાળ

## • જન્મ નોંધ •

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૭-૨૦૧૮ | ડોંબિવલી | જીયા, નયના, વિક્રમ નરેન્દ્ર શાહ (નાગડા) | નલિયા | કન્યા |
| ૦૫-૧૨-૨૦૧૮ | આદિપુર | રિષિકા અનિષ લોડાયા | વારાપદર | કન્યા |

## • જ્ઞાતિ સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૧૧-૨૦૧૮ | ડોંબિવલી | હેમાંગ પ્રશાંત શામજી મોતા | સુખપર | ૨૬ |
| | ભાંડુપ | હર્ષિતા ગુલાબ ખીમજી પોલડિયા | ડુમરા | ૨૪ |
| ૦૨-૧૨-૨૦૧૮ | હુબલી | મયૂર મહેશ પદમશી મોમાયા | વરાડીયા | ૨૮ |
| | ભાટાપારા | રશ્મિ નરેન્દ્ર પદમશી દંડ | વરાડીયા | ૨૨ |
| ૦૪-૧૨-૨૦૧૮ | રાયપુર | રાજકુમાર પ્રવીણચંદ જવેરચંદ લોડાયા | સાંધાણ | ૨૬ |
| | ચાલીસગામ | હેતલ રાજેશ વેરશી શિયાડ | દલતુંગી | ૨૬ |
| ૦૪-૧૨-૨૦૧૮ | ડોંડાઈચા | મયંક જીતેન્દ્ર જીવરાજ મોમાયા(પટેલ) | સાંયરા | ૨૭ |
| | ભાંડુપ | મિત્તલ મધુકર ભવાનજી લોડાયા | સાંધવ | ૨૪ |
| ૦૯-૧૨-૨૦૧૮ | મુલુંડ | હાર્દિક નરેશ ભવાનજી દંડ | લાલા | ૨૭ |
| | જાલના | ગિરા જયેશ કાનજી મૈશેરી | જખૌ | ૨૫ |

## • આંતરજ્ઞાતિય સગપણ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૧૨-૨૦૧૮ | ડોંબિવલી | દીપેશ ભરત મેઘજી ખોના | સાંધવ | ૨૯ |
| | ડોંબિવલી | પ્રીતિ વેંકટેશ શિવાસ્વામી અય્યર | પલાક્કડ | ૨૯ |
| ૦૩-૧૨-૨૦૧૮ | બ્રીચકેન્ડી | યશ વિક્રમશી કાંતિલાલ શેઠ | સુરેન્દ્રનગર | ૩૨ |
| | મુલુંડ | નેહલ ભરત દામજી ધરમશી | કોઠારા | ૩૦ |
| ૦૭-૧૨-૨૦૧૮ | દુબઈ | મયૂર ધમેન્દ્ર અમરશી મોતા | લાખણીયા | ૩૦ |
| | દુબઈ | દૃષ્ટિ વિલ્બુકુમાર મુલરાજ જોષી | જયપુર | ૨૭ |
| ૧૨-૧૨-૨૦૧૮ | મુલુંડ | રાહુલ વિજય ડુંગરશી મૈશેરી | જખૌ | ૨૭ |
| | મુલુંડ | રિદ્ધિ મહેન્દ્ર વાલજી ગાલા | કોટડી મહાદેવપૂરી | ૨૪ |

## • લગ્ન •

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૧૨-૨૦૧૮ | પાચોરા | અનમોલ હિમાંશુ લાલજી લોડાયા | કોઠારા | ૨૫ |
| | ગદગ | નિધિ કુમારપાલ નવીનચંદ્ર લાલકા | લાલા | ૨૩ |

## • મરણ નોંધ •

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૨-૨૦૧૮ | હૈદ્રાબાદ | હીરાબાઈ હંસરાજ દંડ | સુથરી | ૮૦ |
| ૦૮-૧૨-૨૦૧૮ | ભૂસાવલ | પંકજ સુરેશ જૈન(પોલડીયા) | ગોએરસમા | ૪૦ |
| ૧૦-૧૨-૨૦૧૮ | અમરાવતી | હરીશ કુંવરજી મૈશેરી | જખૌ | ૫૯ |
| ૧૨-૧૨-૨૦૧૮ | વડોદરા | ઠાકરશી પદમશી પનપરીઆ | નાગરેચા | ૭૭ |
| ૧૩-૧૨-૨૦૧૮ | મુલુંડ (૫) | પ્રવીણકાંત પદમશી મોમાયા | તેરા | ૭૬ |

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

**(ZERO DEP COVER ALSO AVAILABLE)**



# VALID TILL 15/11/2018

* T&C APPLY

insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન
# દ્વારા આયોજીત

## યજમાન : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, નલિયા
## સ્થળ : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર, નલિયા અબડાસા, કચ્છ
## મુખ્ય સહયોગી : શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી, કચ્છ તેરા, માટુંગા
## હસ્તે શેઠશ્રી હંસ બી. ખીમજી, તેરા માટુંગા

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**મુલચંદ પદમશી મોતા**
**(ચતુર્થ સંમેલનના વરાયેલા પ્રમુખ)**

**નીશિથ એ. દંડ**
**(સેક્રેટરી જનરલ)**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

**Gyatimaiya**
Weekly E-magazine